# રાજ્યમાં કોરોનાના અધધધ..., નવા ૨૨૭૦ કેસ

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૭૦ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૬૦૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૮૪,૮૪૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૪.૯૮ ટકા પર પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૪૫,૬૬,૧૪૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૨૯,૨૨૨ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૫૧,૯૫,૩૬૩ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૨૬,૩૯૬ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

અત્યાર સુધીમાં કુલ ૨,૮૪,૮૪૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૧૧૫૨૮ કોરોનાના એક્ટિવ કેસ છે. ૧૫૨ લોકો વેન્ટિલેટર પર છે. ૧૧૩૭૬ લોકો સ્ટેબલ છે. ૨૮૪૮૪૬ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૯૨ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૮ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં સુરત કોર્પોરેશનનાં ૩, અમદાવાદ અને રાજકોટ કોર્પોરેશનનાં ૨-૨ અને વડોદરામાં ૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.

# નવા વર્ષે ફીમાં ૨૫%ની રાહત આપવા વાલી મંડળની માગણી

### મુખ્યમંત્રી વિજય રૂપાણીને લખ્યો પત્ર : કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યો છે તે જોતાં સ્કૂલો અને કોલેજો હજુ પણ બંધ રહેશે હવે તેવું લાગી રહ્યું છે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. કોરોનાના કારણે ઘણાં લોકોના રોજી છીનવાઈ રહી છે તો ઘણાંને પગાર કપાઈને મળી રહ્યો છે. એવામાં ઘરનો ખર્ચ ચલાવો મુશ્કેલ થઈ પડ્યો છે. ત્યારે વાલી મંડળ દ્વારા નવા વર્ષની ફીમાં ૨૫ ટકા રાહત આપવાની માગ કરવામાં આવી છે. ઓલ ગુજરાત વાલી મંડળે આ મુદ્દે ફીમાં ૨૫ ટકા ઘટાડો કરવાની રજૂઆત પત્ર લખીને રાજ્યના મુખ્યમંત્રીને કરી છે. સ્કૂલો શિક્ષકોને પૂરો પગાર આપતી નથી અને ટેક્સમાં પણ રાહત લીધી છે. ત્યારે નવા વર્ષની ફીમાં તાકીદે રાહત જાહેર કરવામાં આવે તેવી માગણી વાલી મંડળ દ્વારા થઈ છે. સ્થાનિક અખબારના અહેવાલ અનુસાર, રાજ્યમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. જેના પગલે સરકાર દ્વારા હાલ સ્કૂલો-કોલેજોમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે.

જે પ્રકારે કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યો છે તે જોતાં સ્કૂલો અને કોલેજો આગામી દિવસોમાં પણ બંધ રહેશે તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં લાંબા સમય સુધી બંધ રહેલી સ્કૂલો ફરીવાર ૧૦ એપ્રિલ સુધી કોરોનાના વધતાં કેસને પગલે બંધ કરાઈ છે. સ્કૂલો બંધ હોવાથી પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે. જેથી શાળામાં વપરાશની ચીજવસ્તુઓ વિદ્યાર્થીઓ વાપરતા નથી. રિપોર્ટ અનુસાર, સ્કૂલો કોરોનાનું બહાનું કરીને શિક્ષકોને અડધો જ પગાર ચૂકવે છે. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ અને સરકારના શાળા પર લાગતા તમામ ટેક્સમાં સ્કૂલો દ્વારા રાહત લેવામાં આવી છે. જ્યારે બીજી તરફ ઓનલાઈન શિક્ષણના પગલે વાલીઓ પર વધારાનો બોજો પડી રહ્યો છે. એક તરફ સ્કૂલો ફાયદામાં છે જ્યારે વાલીઓનો ખર્ચ વધ્યો છે એવામાં ફીમાં રાહત આપવાની માગ કરાઈ છે. અગાઉ પણ ઘણીવાર સ્કૂલો અને વાલીઓ વચ્ચે ફી મુદ્દે તણખાં ઝર્યા છે. ત્યારે કોરોના કાળમાં ફરીવાર વાલીઓએ ફીમાં રાહત આપવાની માગ કરી છે.



## શહેરમાં હોળીની ગોઠ ઉઘરાવતી મહિલાઓ

ભારત ભરમાં હોળીનો તહેવાર ધામધુમથી ઉજવાય છે. પરંતુ હોળીનું મહત્વ રાજસ્થાનમાં ખાસ હોય છે. હોળીના પર્વને પગલે શહેરના સેકટરોમાં ઘરે ઘરે ઢોલ અને ડફલી લઈને ભાઈ-બહેનોની ટોળી ફરતી હોય છે. ત્યારે તસવીરમાં હોળીના પર્વમાં કેટલીક પરપ્રાંતિય મહિલાઓ ઢોલ અને ડફલી વગાડીને વસાહતીઓ પાસેથી હોળીની ગોઠ ઉઘરાવતી નજરે પડે છે.

## ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા કેન્દ્ર ખાતે સ્વચ્છતા વિષયે ઓનલાઈન પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૮

ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા ખાતેના ગ્રામીણ પ્રબંધ અધ્યયન કેન્દ્રના એનએસએસ યુનિટ દ્વારા ઓનલાઈન પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધા મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય તથા ઉન્નત ભારત અભિયાનના સંયુક્ત ઉપક્રમે મહાત્મા ગાંધી નેશનલ કાઉન્સિલ ફોર રૂરલ એજ્યુકેશનના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૫મી માર્ચના રોજ સ્વચ્છતા અભિયાન એક્શન પ્લાન અંતર્ગત ''સ્વચ્છતાથી આરોગ્ય'' વિષયે ઓનલાઈન પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં રાંધેજા કેન્દ્રના સંયોજક ડૉ. રાજીવ પટેલે કોવિડ-૧૯ના સમયમાં સ્વચ્છતા એક માત્ર ઉપાય હોવાનુ મહત્વ જણાવતા યુવા સ્વયંસેવકોને સર્જનાત્મક વિચારો દ્વારા સમાજ સાથે જોડીને પર્યાવરણ અને સમાજને તંદુરસ્ત રાખવા પ્રયાસો કરવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. લોકેશ જૈન અને ડૉ. હસમુખ પંચાલ ઉપસ્થિત રહ્યાં હતા અને કાર્યક્રમનું સંચાલન પ્રીતી કારેલીયાએ કર્યુ હતુ.

### પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધાના વિજેતા

| | |
|---|---|
| પ્રથમ ક્રમાંક | પ્રીતી કારેલીયા |
| દ્વિતિય ક્રમાંક | નિખિલ પટેલ |
| તૃતીય ક્રમાંક | વિશાલ પડવી અને શિવાંગી સોલંકી |



સનાતન ભારતીય સંસ્કૃતિની જે સુવાસ વિશ્વના અનેક દેશોમાં પ્રસરી છે તેની એક અનોખી ભેટ બૌદ્ધ ધર્મ પણ છે. જાપાનમાં પણ પ્રસરેલા બૌધ્ધ ધર્મના એક ભિક્ષુક બે વર્ષ પૂર્વે ગાંધીનગર પધાર્યા હતા અને બ્રહ્માકુમારીઝના પૂ. કૈલાશદીદી સાથે મુલાકાત કરી હતી. ફરી એકવાર આજ બૌદ્ધ ભિક્ષુ શહેરના સે. ૨૮ સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે પધાર્યા હતા અને આ વખતે પણ તેમણે કેન્દ્રના સંચાલિકા પૂ. કૈલાશદીદી સાથે વિશ્વશાંતિ અર્થે ચર્ચા કરી હતી.

## સ્પોર્ટસ હોસ્ટેલ પાસે ફોર્ડ ફીગો કારમાંથી વિદેશી દારુ મળ્યો

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ હોસ્ટેલ પાસને માર્ગ પર થી દારૂ ભરેલી કાર મળી આવી છે. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારુની ૪૮ બોટલ મળી આવી હતી. પોલીસે કાર, દારુ, મોબાઈલ મળી કુલ રૂ.૨.૧૯ લાખના મુદ્દામાલ સાથે ચાલકને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે સમયે ધિરેન્દ્રસિંહ દારુની ફેરાફેરી અંગે બાતમી મળી હતી. જેથી એલસીબી પોલીસે સે-૧૫ના એપ્રોચ માર્ગ પરથી વ્હાઈટ કલરની ફિગો ફોર્ડ કાર નં.જી.જે.૦૧. આર.ડી.૩૮૫૭ ને પકડી પાડી હતી. પોલીસે ગાડીમાં તપાસ કરતા ચાર ખોખા મળી આવ્યા હતા. ખોખાને તપાસ કરતા તેમાંથી ૪૮ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે ગાડીના ચાલકનુ નામ પુછતા તેણે અજયસિંહ નટવરસિંહ વિહોલ (ઉં.૩૧ વ્યાસ પાલડી) હોવાનુ સામે આવ્યું હતું.

જયારે ગાડીમાંથી મળી આવેલ દારુ અમદાવાદ ખાતે રહેતા મિત્ર નિર્મલસિંહ વિહોલને આપવાનો હતો. જયારે નિર્મલસિંહના કહેવાથી પીંપળજ ગામે માર્ગ પરથી ભરત નામના શખ્સે દારુ ભરેલી કાર અજયને આપી હતી. અમદાવાદ ખાતે દારૂ પહોંચાડવા જતો હોવાની કબુલાત અજયે કરી હતી. પોલીસે રૂ.૧૯,૨૦૦ નો દારુ, રૂ.૫૦૦ નો મોબાઈલ ફોન અને રૂ.૨ લાખની કાર મળી કુલ રૂ.૨.૧૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કલ્ચરલ ફોરમના યુવા અગ્રણીઓ સર્વ શ્રી મુંઝાલ રાવલ અને નિરવ દવે કોરોનાથી સંક્રમિત થયા.
- શહેરના સર્જક નિપુણ ચોકસીના બે પુસ્તકોનું ચોથી એપ્રિલે લોકાર્પણ.
- કોરોના માટે પ્રભારી તરીકે મુકાયેલ અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમરે આજે ૧લી એપ્રિલથી વેક્સીનેશનના ત્રીજા રાઉન્ડના આયોજનની વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- રાજ્યમાં વેક્સીનેશનની કામગીરી સંભાળતા એન.એમ.એચ.ના પંડ્યાસાહેબે પણ આજે અધિકારીઓ સાથે વી.સી. કરી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના ટેસ્ટીંગની કામગીરી ચાલુ રહી હતી અને ૫૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરાયા હતા.
- ગાંધીનગરમાં ગરમી વધતાં ઈવનીગં વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં બે મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર ન થઈ હોવાથી આ કપાશે, આ ચાલશે, આને તો મળશે જ તેવા ગણિતો સાથેની લોકજીભે ચર્ચાઓ સાંસભળવા મળી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કોઈએ મારા પર કલર નાખી દીધો છે. જલ્દી આ કપડાને બાળી નાખ... નાહકનાં પોલીસના લફરા થઈ જશે...!!!

## મહુંધરા પાટીયા પાસે આધેડ પર ટ્રેકટરનું ટાયર ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા મહુંધરા પાટીયા થી ગામ તરફ જતા માર્ગ પર ટ્રેકટરની ટક્કરે આધેડ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયુ હતુ. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રેકટર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ટીંટોડાના કરશનપુરાના કનુભાઈ મેલાભાઈ રાવળ મહુન્દ્રા ગામે રાવળવાસમાં રહેતા હતા. તા.૨૩ માર્ચના રોજ બપોરના સુમારે ઘરેથી નીકળેલા કનુભાઈ લઘુશંકા માટે કરવા માટે ગરનાળા પાસે જતા હતા. તે સમયે ટ્રેકટર ચાલકે કનુભાઈને ટક્કર મારી હતી. ટક્કર વાગતા નીચે પડી ગયેલા કનુભાઈ પર ટ્રેકટરનું તોતિંગ ટાયર ફરી વળતા ગંભીર ઈજાઓ પહોંચી હતી.બનાની જાણ થતા કનુભાઈના સાળા પ્રવિણભાઈ તેમજ અન્ય ગ્રામજનો આવી પહોચ્યા હતા. તે સમય સુધી ટ્રેકટર નં. જી.જે.૧૮.બી.જે.-૧૬૫૩ નો ચાલક ત્યાં જ ઉભો હતો. જો કે વધુ વ્યકિતઓ એકઠા થઈ જતા તે ટ્રેકટર લઈને ભાગી ગયો હતો. જયારે ૧૦૮ ને કોલ કરતા આવી પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયા પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ લઈ ગયા હતા. જયાં શનિવારના રોજ મોડીસાંજે કનુભાઈનુ અવસાન થયુ હતું. ચિલોડા પોલીસ મથકે મૃતક કનુભાઈના સાળા પ્રવિણભાઈ રાવળે ફરીયાદ નોંધાવતા પોલીસે ટ્રેકટરના નંબરના આધારે ગુનો નોંધી ફરાર ટ્રેકટર ચાલકને પકડી પાડવા માટે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



## સે. ૨૧ના વેપારીઓનું સેવાકાર્ય

ઉનાળો આવી પહોંચ્યો છે અને આકરી ગરમીનો પ્રારંભ ધીરે ધીરે થઈ રહ્યો છે. સમગ્ર ઉનાળાની ઋતુ દરમ્યાન અબોલ પંખીઓને પીવાના પાણીની તકલીફ પડે નહી અને પાણી વિના તેમને તરસે ટળવળીને મરવું ના પડે તે હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ સેક્ટર-૨૧ના ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા વિનામૂલ્યે પાણીના કુંડા તથા પક્ષીઘરનું મોટાપાયે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે નાગરિકોને કોરોનાથી બચવા માસ્ક તથા ગરમીમાં રાહત માટે છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.



શહેરમાં યોગ-પ્રાણાયામ પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને કોરોના મહામારીના પગલે અનેક શહેરીજનો યોગ તરફ આકર્ષાયા છે. શહેરની યોગ સંસ્થા સ્વત્વ યોગ સ્ટુડિયો એન્ડ મેડીટેશન સેન્ટર દ્વારા દર પૂર્ણિમાની સંધ્યાએ નિઃશુલ્ક યોગ-ધ્યાન સાધનાનું આયોજન કરવામાં આવે છે.

## ચિલોડા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે જાનકીજીની પૂર્ણતિથિ નિમિત્તે શ્રદ્ધાસુમન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક પાસે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્ર ખાતે પરમ શ્રધ્ધેય દાદી જાનકીજીની પુણ્યતિથિ અને દાદી ગુલઝારજીની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા રાજયોગિની તારાદીદીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના યુથ પ્રમુખ જૈમિન જે. પટેલ, ચિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ નયનાબેન પરમાર વગેરે ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન કરી ફૂલ અર્પણ કર્યા હતા.



## 'નલ સે જલ' યોજનામાં દેશના ટોપ સાત રાજ્યોમાં ગુજરાત અગ્રીમ

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ૨૦૨૨ સુધીમાં રાજ્યમાં દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી ઘરબેઠા નળ દ્વારા મળે તેવુ પાણી પુરવઠા વિભાગનું સુદ્રઢ આયોજન

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાત હરેક ઘર ને નળ થી જળ પીવાનું શુદ્ધ પાણી પહોંચાડનારા જલ જીવન મિશન અન્વયે દેશના ૭ બેસ્ટ પરફોરમર રાજ્યોમાં અગ્રીમ રહ્યું છે.

કેન્દ્રીય જલ શકિત મંત્રાલયે દેશના જે ૭ રાજ્યોએ જલ જીવન મિશન માં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તેને વિશેષ પ્રોત્સાહન રૂપે ૪૬૫ કરોડ રૂપિયાનું વિશેષ અનુદાન આપવાની જાહેરાત કરી છે.

કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે નવીદિલ્હીમાં આ જાહેરાત કરતા ગુજરાતની જલ જીવન મિશનની આ ગૌરવ સિદ્ધિ માટે કુલ ૪૬૫ કરોડ વિશેષ અનુદાનમાંથી ૧૦૦ કરોડ રૂપિયા એકલા ગુજરાતને ફાળવ્યા છે.

દેશના જે અન્ય રાજ્યોને આ વિશેષ પ્રોત્સહક અનુદાન આપવામાં આવ્યું છે તેમાં અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકાર આ વિશેષ પ્રોત્સાહક અનુદાન જે તે રાજ્યોને ઝડપી કાર્ય પદ્ધતિ, નાણાકીય આયોજન અને ફંડના અસરકારક ઉપયોગ તેમજ પાઈપ લાઈન નેટવર્કની કાર્ય ક્ષમતાના માપદંડોને આધારે આપે છે.

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીના નેતૃત્વમાં પાણી પુરવઠા વિભાગે ગુજરાતમાં રાજ્યના હેરક ઘરને ૨૦૨૨ સુધીમાં નલ સે જલ તહેત આવરી લેવાની કામગીરી મિશન મોડમાં ઉપાડીને આ ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

રાજ્યમાં કોઈને ફ્લોરાઈડયુક્ત કે ક્ષારવાળુ પાણી પીવાને કારણે હાથીપગો કે હાડકાના રોગો ન થાય દાંત પીળાના પડી જાય તેમજ ગ્રામીણ બહેનોને માથે બેડા લઈ દૂર સુધી પાણી ભરવા જવુંના પડે તેવી પ્રતિબદ્ધતાથી શ્રી વિજયભાઈ રૂપાણીએ હર ઘર જલ પર ફોકસ કરીને સમગ્ર રાજ્યમાં ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ટકા નલ સે જલ નો લક્ષ્યાંક રાખ્યો છે.

રાજ્યના પાણી પુરવઠા વિભાગે આ લક્ષ્ય પૂર્તિ માટે અસરકારક આયોજન કરીને કામગીરી વેગવંતી બનાવી છે.

ગુજરાતે આ વર્ષે ૨૫ માર્ચ સુધીમાં ૧૧.૧૫ લાખ ફક્શનલ હાઉસહોલ્ડ ટેપ કનેકશન (હ્લઌૅઞ)ના લક્ષ્યાંક સામે ૧૧.૫૦ લાખ ફક્શનલ હાઉસહોલ્ડ ટેપ કનેકશન (નળ જોડાણ) પૂરા કર્યા છે. એટલું જ નહિ રાજ્યના પાંચ જિલ્લા મહેસાણા, પોરબંદર, બોટાદ આણંદ અને ગાંધીનગર સો ટકા ગ્રામિણ ઘરોમાં નળ જોડાણ(હ્લઌૅઞ) ધરાવતા જિલ્લા બન્યા છે.

કોરોના કાળમાં લોક ડાઉન અને અન્ય મુશ્કેલીઓ વચ્ચે પાણી પુરવઠા વિભાગે વર્ષ ૨૦૨૨ સુધીમાં સો ટકા ગ્રામિણ ઘરોમાં નળ જોડાણોના લક્ષ્યાંક પર ધ્યાન કેન્દ્રિત કરીને કામગીરી કરી છે.જેને કારણે ગુજરાતના કુલ ૯૨.૯૨ લાખ ગ્રામીણ ઘરોમાંથી ૭૭.૧૦ લાખ ઘરોને નળજોડાણ આપી દેવામાં આવ્યા છે.

## બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર-માણસા માર્ગ પરની બાપુ ગુજરાત નોલેજ વિલેજના ટેકનિકલ કેમ્પસમાં સોફ્ટ ટેનિસ એસોસિએશન દ્વારા ૧૪મી સબ જુનિયર તથા ૧૫મી જુનિયર રાષ્ટ્રીય સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં એમેચ્યોર સોફ્ટ ટેનિસ ફેડરેશન ઓ ઈન્ડિયા સાથે સંકળાયેલા ગુજરાત સહિતના અન્ય રાજ્યોના અંદાજે ૫૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે. આ પ્રસંગે સોફ્ટ ટેનિસના એસોસિએશનના ગુજરાત પ્રમુખ વિજય ચૌધી તથા બીજીકેવીના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા તથા કોલેજના કેમ્પસ ડાયરેક્ટર સહિત હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.